ડિજિટલ જનગણના અભિયાન, સ્વ-ગણતરી માટે નાગરિકો પાસે તા.17 થી 31 મે સુધીનો સમયગાળો

# જનગણના 2027, તાલીમમાં ગેરહાજર રહેનાર ગણતરીદારો સામે લાલ આંખ

**25 મે સુધીમાં** તાલીમ પૂર્ણ કરવા આદેશ કરવામાં આવ્યો

**જનગણનામાં** 'ડિજિટલ ઇન્ડિયા' અભિગમને પ્રાધાન્ય આપવામાં આવ્યું

(પ્રતિનિધિ), વડોદરા. તા.15

ભારત સરકાર દ્વારા આગામી સમયમાં યોજાનારી 'જનગણના 2027'ની તૈયારીઓ અત્યારે પૂરજોશમાં ચાલી રહી છે. ગુજરાત રાજ્યમાં આ કામગીરીના સુચારુ સંચાલન માટે મ્યુનિસિપલ કમિશનરો અને કલેક્ટરોને કડક સૂચનાઓ આપવામાં આવી છે. જનગણના કાર્ય નિર્દેશાલય દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલા પત્રમાં તાલીમ દરમિયાન ગણતરીદારો અને સુપરવાઈઝરોની અપૂરતી હાજરી અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. નિયામક સુજલ જે. મયાત્રા દ્વારા જણાવવામાં આવ્યું છે કે, જિલ્લા અને મ્યુનિસિપલ કોર્પોરેશન સ્તરે ચાલી રહેલી તાલીમમાં ઘણા ગણતરીદારો અને સુપરવાઈઝરો ગેરહાજર જોવા મળ્યા છે.

જો તાલીમ અધૂરી રહેશે, તો ઘરયાદીની કામગીરીમાં વપરાતી વ્યાખ્યાઓ, વિભાવનાઓ અને પ્રશ્નોત્તરીની સમજમાં ખામી રહી શકે છે. આ ભૂલોને કારણે એકત્રિત કરવામાં આવનાર ડેટાની ગુણવત્તા પર ગંભીર અસર પડવાની શક્યતા છે. આથી, તમામ સંબંધિત અધિકારીઓને તપાસ કરાવીને 25 મે, 2026 સુધીમાં આ તાલીમ ગુણવત્તાપૂર્વક પૂર્ણ કરવાના આદેશો આપવામાં આવ્યા છે. જનગણનાની પ્રક્રિયા બે મુખ્ય તબક્કામાં વહેંચાયેલી છે.

જેમાં સ્વ-ગણતરીમાં નાગરિકો પોતાની જાતે વિગતો ભરી શકે તે માટેની આ કામગીરી 17 મે, 2026 થી 31 મે, 2026 દરમિયાન ચાલશે. પ્રથમ તબક્કા (ઘરયાદી અને મકાનોની ગણતરી)માં ગણતરીદારો દ્વારા રૂબરૂ મુલાકાત લઈને કરવામાં આવતી આ કામગીરી 1 જૂન, 2026 થી 30 જૂન, 2026 દરમિયાન હાથ ધરવામાં આવશે. જનગણનાથી જન કલ્યાણના મંત્ર સાથે યોજાનારી આ જનગણનામાં 'ડિજિટલ ઈન્ડિયા' અભિગમને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

આ ડેટાનો ઉપયોગ ભવિષ્યની સરકારી યોજનાઓના આયોજન અને અમલીકરણ માટે ખૂબ જ મહત્વનો સાબિત થશે. આ કામગીરીમાં કોઈ પણ પ્રકારની કચાસ ન રહી જાય તે માટે મહેસૂલ તપાસણી કમિશનર અને રાજ્ય નોડલ અધિકારીઓને પણ આદેશની નકલ રવાના કરવામાં આવી છે, જેથી વહીવટી સ્તરે સઘન દેખરેખ રાખી શકાય.

છેલ્લા 20 દિવસથી હરિજન વાસ અને રાવણ વાસમાં ટીપાં-ટીપાં પાણી માટે વલખા

# શેરખીમાં પાણી માટે કકળાટ: સરપંચ અને તલાટીની જોહુકમી સામે લોકોનો હલ્લાબોલ!

**રાત્રે 10** વાગ્યે પાણી છોડાતા ગૃહિણીઓમાં ભારે રોષ



(પ્રતિનિધિ), વડોદરા. તા.15

વડોદરા શહેરના પાદરે આવેલા શેરખી ગામમાં પીવાના પાણીની સમસ્યાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. છેલ્લા 20 દિવસથી ગામના હરિજન વાસ અને રાવણ વાસના રહીશો પાણીના એક-એક ટીપા માટે વલખા મારી રહ્યા છે, પરંતુ સ્થાનિક તંત્રના પેટનું પાણી હલતું નથી. ગ્રામજનોનો સીધો આક્ષેપ છે કે સરપંચ અને તલાટીની મિલીભગત અને ઘોર બેદરકારીને કારણે આ કૃત્રિમ અછત સર્જાઈ છે. સત્તાધીશોની જોહુકમીથી કંટાળેલા ગ્રામજનોએ હવે મીડિયા સમક્ષ પોતાની વ્યથા ઠાલવી ન્યાયની માંગ કરી છે. શેરખી ગામના હરિજન વાસ અને રાવણ વાસમાં છેલ્લા ત્રણ અઠવાડિયાથી પીવાનું પાણી ન આવતા ગૃહિણીઓ અને વૃદ્ધોની હાલત કફોડી બની ગઈ છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, પાણીની આ ગંભીર સમસ્યા અંગે અનેકવાર સરપંચ અને તલાટીને રૂબરૂ મળીને તેમજ લેખિતમાં રજૂઆતો કરવામાં આવી છે, તેમ છતાં પરિસ્થિતિમાં કોઈ સુધારો આવ્યો નથી. ગ્રામજનોએ ભારે રોષ સાથે જણાવ્યું હતું કે, જ્યારે પણ પાણી બાબતે ફોન કરવામાં આવે છે ત્યારે જવાબદાર અધિકારીઓ ફોન ઉપાડવાની તસ્દી લેતા નથી અથવા તો ઉદ્ધત વર્તન કરી યોગ્ય જવાબ આપતા નથી. તંત્રની બેદરકારીની હદ તો ત્યારે આવે છે જ્યારે વારંવારની રજૂઆતો અને 10-10 વખત ફોન કર્યા બાદ મોડી રાત્રે 10 વાગ્યાની આસપાસ પાણી છોડવામાં આવે છે. ભરઉનાળે મોડી રાત્રે પાણી ભરવા માટે મહિલાઓ અને વૃદ્ધોને ફરજ પડતા લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે પીવાનું પાણી એ પાયાની અને બંધારણીય જરૂરિયાત હોવા છતાં, સરપંચ અને તલાટી જાણીજોઈને લોકોને હેરાન કરી રહ્યા છે અને સત્તાનો દુરુપયોગ કરી રહ્યા છે. ગ્રામજનોએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, જો આગામી ટૂંક સમયમાં પાણીની સમસ્યાનો કાયમી અને સંતોષકારક ઉકેલ લાવવામાં નહીં આવે, તો તેઓ ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરશે અને જરૂર પડ્યે ઉગ્ર આંદોલન છેડશે.

ગટરના દૂષિત પાણી અને દુર્ગંધને કારણે રાહદારીઓ પરેશાન

# અલકાપુરી ગરનાળામાં ત્રણ દિવસથી ગટરના પાણી ઉભરાયા, લોકોમાં રોષ



(પ્રતિનિધિ), વડોદરા. તા.15

શહેરના અતિ વ્યસ્ત એવા અલકાપુરી ગરનાળામાં છેલ્લા ત્રણ દિવસથી ગટર ઉભરાવાની ગંભીર સમસ્યા સર્જાઈ છે. શહેરના પશ્ચિમ વિસ્તારને રેલ્વે સ્ટેશન અને મધ્ય શહેર સાથે જોડતા આ મુખ્ય માર્ગ પર ગટરના ગંદા પાણી ફરી વળતા વાહનચાલકો અને રાહદારીઓ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. પાલિકા તંત્રને વારંવાર રજૂઆત કરવા છતાં હજુ સુધી કોઈ નક્કર કામગીરી કરવામાં ન આવતા સ્થાનિકો અને મુસાફરોમાં તંત્ર પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, અલકાપુરી ગરનાળામાં છેલ્લા 72 કલાકથી ગટરના લાઈન જામ થઈ જવાને કારણે દૂષિત પાણી રોડ પર વહી રહ્યા છે. આ ગંદા પાણીને કારણે સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ છે, જેને પગલે ત્યાંથી પસાર થતા રાહદારીઓ માટે શ્વાસ લેવો પણ મુશ્કેલ બન્યો છે. ગટરના પાણી લાંબા સમય સુધી રસ્તા પર જમા રહેવાને કારણે ડામરના રસ્તા અત્યંત ચીકણા બની ગયા છે. આ સ્થિતિમાં દ્વિચક્રી વાહનચાલકોના વાહનો લપસી પડવાના બનાવો બની રહ્યા છે, જેનાથી ગંભીર અકસ્માત થવાનો સતત ભય તોળાઈ રહ્યો છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે, શહેરના પોશ વિસ્તાર ગણાતા અલકાપુરીના પ્રવેશદ્વાર સમાન ગરનાળામાં આટલી મોટી સમસ્યા હોવા છતાં વડોદરા મહાનગરપાલિકાનું તંત્ર નિંભર બનીને બેઠું છે. ત્રણ દિવસ વીતી ગયા હોવા છતાં ડ્રેનેજ વિભાગ દ્વારા આ ગટર લાઈન સાફ કરવાની કે પાણીના નિકાલની કોઈ તસ્દી લેવામાં આવી નથી. ઓફિસ અવર્સ દરમિયાન અહીંથી હજારો વાહનો પસાર થાય છે, ત્યારે ગંદા પાણીમાંથી પસાર થવું વાહનચાલકો માટે મજબૂરી બની ગઈ છે. એક તરફ કોર્પોરેશન દ્વારા સ્વચ્છતાના મોટા દાવા કરવામાં આવે છે, ત્યારે બીજી તરફ શહેરના હાર્દ સમાન વિસ્તારમાં ગટરના પાણી ઉભરાવાની સમસ્યા પાલિકાની પ્રી-મોન્સૂન કામગીરી અને મેઈન્ટેનન્સ પર સવાલો ઉભા કરી રહી છે. જો આગામી 24 કલાકમાં આ સમસ્યાનું નિરાકરણ લાવવામાં નહીં આવે, તો સ્થાનિક રહીશો અને વાહનચાલકો દ્વારા ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. હવે જોવાનું એ રહે છે કે ઊંઘતું પાલિકા તંત્ર ક્યારે જાગે છે અને નાગરિકોને આ નરકાગાર જેવી સ્થિતિમાંથી મુક્તિ અપાવે છે.

19 આરોપીઓ સામે ગુનો નોંધાયો હતો

# કોયલી દારૂ કૌભાંડમાં ત્રણ માસથી ફરાર આરોપી ઝબ્બે



(પ્રતિનિધિ), વડોદરા. તા.15

કોયલી ગામ ટી.પી. રોડ પરથી ઝડપાયેલા રૂ.53 લાખથી વધુના વિદેશી દારૂ કૌભાંડમાં સંડોવાયેલા અને છેલ્લા ત્રણ મહિનાથી ફરાર આરોપીને વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડી આગળની કાર્યવાહી માટે જવાહરનગર પોલીસને સોંપ્યો છે. કોયલી ગામેથી તા.2 ફેબ્રુઆરીના રોજ રૂ.38.21 લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો હતો. ઉપરાંત વિવિધ વાહનો, મોબાઈલ ફોન અને રોકડ સહિત રૂ.53.36 લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. તુઅયારેક ક્રાઈમ બ્રાન્ચની ટીમો આ ફરાર આરોપીઓની શોધખોળ કરવા પેટ્રોલિંગમા ફરી હતી. ત્યારે બાતમી ક્રાઈમ બ્રાન્ચને મળી હતી કે ડીલક્સ સોસાયટી નજીક સર્વોદય સોસાયટી વિસ્તારમાંથી રાજ ધર્મેન્દ્ર પટણી હાજર છે. જેથી ક્રાઈમ બ્રાન્ચે બાતમી મુજબના સ્થળ પર પહોંચીને ધર્મેન્દ્ર પટણીને શંકાસ્પદ હાલતમાં ઝડપી પાડવામાં આવ્યો હતો. તેની પૂછપરછ કરતા આરોપીએ દારૂના ગુનામાં સંડોવણી હોવાથી કબુલાત કરી હતી. આ મામલે જવાહરનગર પોલીસ સ્ટેશનમાં 19 આરોપીઓ સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. આરોપી રાજ પટણીનો ગુનાહિત ઈતિહાસ પણ સામે આવ્યો છે. વર્ષ 2015માં વડોદરા શહેરના વાડી પોલીસ સ્ટેશનમાં તેના વિરુદ્ધ રાયોટિંગનો ગુનો નોંધાયો હતો. ઉપરાંત વર્ષ 2025માં બનાસકાંઠાના ધાનેરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફોરવ્હીલ વાહનમાં વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપાયેલો હોવાનો ગુનો પણ નોંધાયેલ હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે.

સ્થાનિક વેપારીઓ અને રહીશોની સતર્કતાથી મોટી દુર્ઘટના ટળી

# કારેલીબાગમાં ટેન્કરમાંથી ઓઈલ લિકેજ થતાં વાહનચાલકો પછડાયા



(પ્રતિનિધિ), વડોદરા. તા.15

કારેલીબાગ વિસ્તારમાં આજે એક અજાણ્યા ટેન્કરમાંથી થયેલા ઓઈલ લીકેજને કારણે ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. કારેલીબાગ સ્થિત ખાસવાડી સ્મશાન રોડ પરથી પસાર થતા એક ટેન્કરમાંથી અચાનક ઓઈલ રસ્તા પર ઢોળાવવાનું શરૂ થયું હતું, જેના કારણે સમગ્ર માર્ગ અત્યંત ચીકણો બની ગયો હતો. રસ્તા પર ઓઈલના થર જામી જતાં જોતજોતામાં અનેક બાઈક સવારો સ્લિપ ખાઈને પટકાયા હતા. સદનસીબે આ ઘટનામાં કોઈ મોટી જાનહાનિ થઈ નથી.

આજે સવારના સમયે ખાસવાડી સ્મશાન રોડ પરથી એક અજાણ્યું ટેન્કર પસાર થયું હતું, જેમાં ટેકનિકલ ખામી કે બેદરકારીને કારણે ઓઈલ લીક થઈ રહ્યું હતું. ટેન્કર ચાલકને આ વાતની જાણ હોવા છતાં કે અજાણતામાં તે ટેન્કર હંકારી ગયો હતો, પરંતુ તેની પાછળ આખો રસો ચીકણો થઈ ગયો હતો. રસ્તા પર ફેલાયેલા આ ઓઈલને કારણે ટુ-વ્હીલર ચાલકો માટે વાહન પર કાબૂ રાખવો અશક્ય બની ગયો હતો. એક પછી એક અનેક બાઈક સવારો રસ્તા પર પટકાતા જોઈ આસપાસના સ્થાનિક રહીશો અને વેપારીઓ તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા. પરિસ્થિતિ વણસતી જોઈને સ્થાનિક વેપારીઓએ પ્રશંસનીય કામગીરી કરી હતી. વધુ અકસ્માતો ન સર્જાય તે માટે વેપારીઓએ સ્વખર્ચે અને મહેનતથી રસ્તા પર માટી નાખવાનું શરૂ કર્યું હતું. માટી નાખીને ઓઈલની ચીકણાશ દબાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો જેથી ટાયરનું ગ્રીપિંગ જળવાઈ રહે. એટલું જ નહીં, સ્થાનિક યુવાનો અને વેપારીઓએ રસ્તાની બંને તરફ ઉભા રહીને આવતા-જતા વાહનચાલકોને સતર્ક કર્યા હતા અને ધીમે ગાડી ચલાવવા માટે વિનંતી કરી હતી. જવાબદાર ટેન્કર ચાલકની ઓળખ કરવામાં આવે અને તેની સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માગ કરાઈ છે.

રણોલીમા મોડી રાત્રે ત્રાટકેલા તસ્કરો

# વૃદ્ધ દંપતીના બંધ મકાનમાંથી રૂ.1.90 લાખની મતાની ચોરી

(પ્રતિનિધિ), વડોદરા. તા.15

વડોદરા નજીક આવેલા રણોલી ગામની ગાયત્રી ટાઉનશીપમાં પરિવાર સાથે દ્વારકા દર્શન માટે ગયેલા વૃદ્ધ દંપતીના બંધ મકાનને અજાણ્યા તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. ઘરમાં ઘુસી રોકડ રકમ તેમજ સોના-ચાંદીના દાગીના મળી રૂ.1.90 લાખની માલમત્તા ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે પરિવારે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

રણોલીના ગાયત્રી ટાઉનશીપ વિસ્તારમાં રહેતા નિવૃત્ત દીલીપકુમાર બાબુલાલ પંચાલ તેમની પત્ની જયશ્રીબેન સાથે રહે છે. તેમણે નોધાવેલી ગત 10 મેના રોજ તેઓ પરિવાર સાથે દ્વારકા દર્શન માટે નીકળ્યા હતા. પરિવાર દ્વારા ઘર બંધ કરીને દ્વારકા જવા સાથે ત્યારબાદ સોમનાથ જવાનો કાર્યક્રમ પણ નક્કી કરવામાં આવ્યો હતો. દરમિયાન 12 મેના રોજ બપોરે પડોશી લાલુભાઈએ દીલીપકુમારના પુત્રને ફોન કરીને ઘરના દરવાજા ખુલ્લા હોવાનું અને અંદરનો સામાન વેરવિખેર હાલતમાં પડ્યો હોવાની જાણ કરી હતી.

ત્યારબાદ વીડિયો કોલ મારફતે ઘરની સ્થિતિ જોતા પરિવાર ચોંકી ઉઠ્યો હતો અને સોમનાથ જવાનો કાર્યક્રમ રદ કરીને તાત્કાલિક વડોદરા પરત ફર્યો હતો. પરિવાર ઘરે પહોંચીને તપાસ કરતા કબાટમાંથી આશરે રૂ.40 હજાર રોકડ, પાંચ ગ્રામની સોનાની લગડી, પાંચ ગ્રામનું સોનાનું લોકેટ, ચાંદીના પગના છડા તથા ચાંદીનો સેટ સહિત કુલ રૂ.1.90 લાખની માલમત્તા ચોરાઈ ગયેલી જણાઈ હતી. બનાવ અંગે વૃદ્ધે ચોરીની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કડક બજારમાંથી અજાણ્યા પ્રૌઢની લાશ મળી

(પ્રતિનિધિ), વડોદરા. તા.15

ગત તારીખ 11/05/2026 ના રોજ સવારના આશરે 09:00 વાગ્યાના અરસામાં કડક બજારમાં આવેલા જાહેર શૌચાલયની સામેના ઓટલા પર એક અજાણ્યો પુરુષ (ઉંમર આશરે 45 વર્ષ) બેભાન હાલતમાં પડ્યો હોવાની માહિતી મળી હતી. સ્થાનિક લોકો દ્વારા તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. જોકે, એમ્બ્યુલન્સના ફરજ પરના તબીબી કર્મચારીએ તપાસતા આ ઈસમનું મોત નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. મૃતકના શરીર પર કોઈ તાજા માર-ઝૂડના કે ઈજાના નિશાનો મળી આવ્યા નથી, જેથી તેમનું મોત કુદરતી કારણોસર થયું હોવાનું મનાય છે. પોલીસે તેમના પહેરવેશ અને શરીર પરના ચિહ્નોની વિગતો જાહેર કરી છે, જે મુજબ છે તેઓની ઉંમર આશરે 45 વર્ષ (પુરુષ), પહેરવેશ વાદળી કલરનું આખી બાયનું શર્ટ અને કમરે બ્લુ કલરનું જીન્સનું પેન્ટ પહેરેલુ છે.

## પાણીગેટ ગટર લાઈનના ખોદકામમાં મશીન જ જમીનમાં ગરકાવ



■ પાણીગેટ પાસે આવેલી ઠક્કર બાપા સોસાયટી નજીક ગટર લાઈનની કામગીરી દરમિયાન પાલિકાનું એક ભારેખમ મશીન અચાનક જમીન ધસી પડતા ઊંડા ખાડામાં ખાબક્યું હતું.

ટક્કરને પગલે એક્ટિવા ચાલક ફંગોળાઈ ગયો હતો

# નિઝામપુરામાં કારને અચાનક બ્રેક મારતા એક્ટિવા ચાલક ઈજાગ્રસ્ત



( પ્રતિનિધિ ) વડોદરા,તા.15

વડોદરા શહેરમાં અકસ્માતોની ઘટનાઓ સતત વધી રહી છે. ત્યારે, નિઝામપુરા વિસ્તારમાં વધુ એક અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં એક્ટિવા કાર નીચે ઘૂસી ગઈ હતી. સદનસીબે અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ ન હતી. બોલાચાલી બાદ મામલો થાળે પડ્યો હતો.

શહેરના નિઝામપુરા વિસ્તારમાં એક કાર ચાલકે અચાનક બ્રેક મારતા પાછળથી ગેસના બોટલ લઈ આવી રહેલો એક્ટિવા ચાલક કાબૂ ગુમાવી બેઠો હતો અને ફંગોળાઈ ગયો હતો. અકસ્માત એટલો અચાનક હતો કે એક્ટિવા ચાલકને પોતે કાબુ મેળવવાની તક મળી ન હતી. અકસ્માતના પગલે આસપાસ લોકોના ટોળા એકત્રિત થઈ ગયા હતા. જોકે સદનસીબે એક્ટિવા ચાલકને કોઈ જાનહાની થઈ ન હતી. અને સામાન્ય ઈજાઓ સાથે તેનો બચાવ થયો હતો. સ્થાનિકોએ તાત્કાલિક મદદ કરી હતી. ઘટના બાદ બંને પક્ષો વચ્ચે સામાન્ય બોલાચાલી બાદ મામલો સમાધાનથી ઉકેલાયો હતો. જેથી પોલીસ ફરિયાદ નોંધાઈ ન હતી.

સુંદરપુરા નાકા વિસ્તાર અકસ્માત ઝોન બન્યો

# સુંદરપુરા નાકા પાસે અકસ્માત, બુલેટ સવાર બે યુવકો ઈજાગ્રસ્ત

જવાબદારો કુંભકર્ણ નિદ્રામાં, સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ



(પ્રતિનિધિ), વડોદરા. તા.15

વડોદરા શહેરમાં જાણે અકસ્માતોનું ગ્રહણ લાગ્યું હોય તેમ દિવસેને દિવસે માર્ગ અકસ્માતોની સંખ્યામાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. સ્પીડ અને બેદરકારીના કારણે નિર્દોષ નાગરિકો ભોગ બની રહ્યા છે. આવી જ એક ઘટના નેશનલ હાઈવે 48 પર આવેલા સુંદરપુરા નાકા જીબી સબ સ્ટેશન પાસેથી સામે આવી છે, જ્યાં એક ફોર વ્હીલર ચાલકે બેદરકારી પૂર્વક રસ્તો ઓળંગતા પાછળ આવી રહેલા બુલેટ સવાર બે વ્યક્તિઓ કાર સાથે અથડાયા હતાં. મળતી માહિતી અનુસાર, ભરૂચથી આણંદ તરફ બુલેટ મોટરસાયકલ પર સવાર થઈને બે વ્યક્તિઓ પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન નેશનલ હાઈવે 48 પર સુંદરપુરાનાકા જીબી સબ સ્ટેશન પાસેથી પસાર થતી વખતે એક અજાણ્યા ફોર વ્હીલર ચાલકે અત્યંત બેદરકારીપૂર્વક અને ગફલતભરી રીતે રોડ ક્રોસ કરવાનો પ્રયાસ કર્યો હતો. ફોરવ્હીલર ચાલકની આ નાદાની અને ઉતાવળના કારણે બુલેટ સવાર બંને વ્યક્તિઓ તેની ચપેટમાં આવી ગયા હતા અને જોરદાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બુલેટ પર સવાર બંને વ્યક્તિઓ રોડ પર ફંગોળાયા હતા અને તેમને શરીરે ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જ્યા બાદ માનવતા નેવે મૂકીને ફોર વ્હીલર ચાલક પોતાના વાહન સાથે ઘટનાસ્થળેથી ભાગી છૂટ્યો હતો. અકસ્માતને પગલે આસપાસના લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને ઈમરજન્સી સેવા 108 ને જાણ કરી હતી. 108 ની ટીમ દ્વારા બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે, જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે. સુંદરપુરા નાકા પાસે અવારનવાર નાના-મોટા અકસ્માતો થવા તે હવે રોજની વાત બની ગઈ છે.

DCB અને કારેલીબાગ પોલીસની 4 ટીમો એક્શનમા

# MLAનાભત્રીજાનાઘરેચોરી કેસ, મહિલા પોલીસપકડથીહજુ દૂર

(પ્રતિનિધિ), વડોદરા. તા.15

રાવપુરા વિસ્તારની અમદાવાદમાં રહેતા ધારાસભ્ય યોગેશ પટેલના ભત્રીજા ના ગરબા થયેલી રૂ.5.80 લાખની ચોરીમા મહિલા ચોરને પકડવા માટે કારેલીબાગ અને ક્રાઈમ બ્રાન્ચની ચાર ટીમો એ શોધખોળ શરૂ કરી છે. જેના માટે પોલીસે 100 ઉપરાંતના સીસીટીવી ફૂટેજ ચેક કર્યા છે પરંતુ હજુ સુધી શંકાસ્પદ મહિલા હાથમાં આવી નથી. રાવપુરા વિસ્તારમા આવેલી અમદાવાદી પોળ કડવા શેરી વિસ્તારમાં રહેતા ધારાસભ્ય યોગેશ પટેલ ના મકાનની બાજુમાં રહેતા તેમના ભત્રીજા અમીષ સુનીલભાઈ પટેલ ટ્રાવેલ્સના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ગુરુવારે વહેલી સવારે અમીષ પટેલ રોજની જેમ કમાટીબાગ ખાતે વોકિંગ માટે ગયા હતા, જ્યારે તેમની માતા અંબામાતા મંદિરે દર્શન કરવા માટે નીકળ્યા હતા. આ દરમિયાન મકાનની ચાવી મુખ્ય દરવાજા પાસે આવેલા સ્ટોરરૂમમાં સામાન ઉપર રાખવામાં આવી હતી. ત્યારે સુખ જેવી દેખાતી મહિલા બાળકને ઊંચકીને તેમના ઘર પાસે આવે છે અને ચાવી થી મકાનનું તડકો લેવા ઘરમાં પ્રવેશ કરી 5.80 લાખની ચોરી કરીને બહાર નીકળતી જોવા મળી રહી છે. અમિષ પટેલે કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવી છે જેથી પોલીસે વિસ્તારમાં લગાવેલા સીસીટીવી કેમેરાના આધારે તપાસ શરૂ કરી છે જેમાં કોક બનનાર ધારાસભ્ય ના ભત્રીજા હોય કારેલીબાગ અને ક્રાઈમ બ્રાન્ચને એમ ચાર ટીમો દ્વારા શંકાસ્પદ ચોર મહિલાની ચોરખો શરૂ કરાઈ છે. તેના માટે પોલીસે અત્યાર સુધીમાં વિસ્તારમાં આવતા 100 જેટલા સીસીટીવી ફૂટેજ ચેક કરી નાખ્યા છે પરંતુ કેમેરામાં દેખાનાર મહિલા હજુ હાથમાં આવી નથી.

એકમાત્ર રેડિયોલોજિસ્ટ રજા પર ઉતરી જતા દર્દીઓને ભારે મુશ્કેલી

# ગોત્રી ESI હોસ્પિટલમાં 20થી વધુ દિવસથી સોનોગ્રાફી સેવા બંધ, દર્દીઓ હેરાનપરેશાન

(પ્રતિનિધિ), વડોદરા. તા.15

વડોદરા શહેર અને જિલ્લામાં આવેલી વિવિધ ખાનગી કંપનીઓ તેમજ કોન્ટ્રાક્ટ હેઠળ કામ કરતા કર્મચારીઓના પગારમાંથી ઈએસઆઈની રકમ કપાતી હોય છે. ઈએસઆઈ યોજના હેઠળ આવતાં કર્મચારીઓને મેડિકલ સારવારની સુવિધા મફતમાં આપવામાં આવે છે. તે માટે વડોદરાના ગોત્રી વિસ્તારમાં ઈએસઆઈ હોસ્પિટલ કાર્યરત છે, જ્યાં હજારો કર્મચારીઓ અને તેમના પરિવારજનો સારવાર માટે આવતા હોય છે. પરંતુ હાલમાં ઈએસઆઈ હોસ્પિટલમાં છેલ્લા 20 દિવસથી સોનોગ્રાફીની સેવા બંધ હોવાનું સામે આવ્યું છે. જેના કારણે સોનોગ્રાફી માટે આવતા દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. હોસ્પિટલ તંત્ર દ્વારા દર્દીઓને એસએસજી હોસ્પિટલ અને ગોત્રી હોસ્પિટલ ખાતે સોનોગ્રાફી કરાવવા માટે મોકલવામાં આવી રહ્યા છે. સરકારી હોસ્પિટલોમાં પહેલેથી જ દર્દીઓની ભારે ભીડ અને લાંબી લાઈનો હોવાને કારણે ઈએસઆઈના દર્દીઓને કલાકો સુધી રાહ જોવી પડે છે. અનેક દર્દીઓએ આક્ષેપ કર્યો છે કે, ઈએસઆઈ હેઠળ સારવાર માટે રકમ કપાતી હોવા છતાં મૂળભૂત સુવિધાઓ સમયસર ઉપલબ્ધ થતી નથી. દર્દીઓમાં એવી પણ નારાજગી જોવા મળી રહી છે કે, છેલ્લા ઘણા દિવસોથી સોનોગ્રાફી સેવા બંધ હોવા છતાં હોસ્પિટલ તંત્ર દ્વારા કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવામાં આવી નથી. જેના કારણે ગર્ભવતી મહિલાઓ, વૃદ્ધ દર્દીઓ અને ગંભીર બીમારી ધરાવતા લોકોને વધુ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. હાલ દર્દીઓ અને તેમના પરિવારજનો દ્વારા ઈએસઆઈ હોસ્પિટલમાં વહેલી તકે સોનોગ્રાફી સેવા ફરી શરૂ કરવામાં આવે તેવી માંગ કરાઈ રહી છે.

- રેડિયોલોજિસ્ટ રજા પરથી હાજર થયા બાદ સોનોગ્રાફી સેવા આરએમઓ હેતલ શાહ

ગોત્રી સ્થિત ઈએસઆઈ હોસ્પિટલના આરએમઓ હેતલ શાહે જણાવ્યું હતું કે હોસ્પિટલમાં હાલમાં માત્ર એક જ રેડિયોલોજિસ્ટ વૈશાલીબેન ફરજ બજાવે છે.

સરકાર દ્વારા અમદાવાદથી તેમની વડોદરા ખાતે નિમણૂક કરવામાં આવી છે અને તેઓ રોજ અપડાઉન કરે છે. છેલ્લા 20 દિવસથી તેઓ રજા પર હોવાથી હોસ્પિટલમાં સોનોગ્રાફી સેવા બંધ છે. અન્ય કોઈ રેડિયોલોજિસ્ટ 22 મે સુધી ઉપલબ્ધ ન હોવાથી દર્દીઓને એસએસજી અને ગોત્રી હોસ્પિટલમાં મોકલવાની ફરજ પડી રહી છે.